**ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તેવી ચીજવસ્તુઓની ખરીદી કરવા અંગેની સ્પષ્ટતા કરવા બાબત.**

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૧૮-જી.ઈ.એમ.-ચ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫-૧૨-૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) અત્રેના વિભાગનો તા.૧/૧૦/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ

પરિપત્ર:-

ભારત સરકારના નિર્દેશાનુસાર ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલની ડી.જી.એસ.એન્ડ.ડી. દ્વારા નેશનલ ઇ-ગર્વનન્સ ડીવીઝનની સહાયથી રચના કરવામાં આવેલ છે. ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ એ સરકારી ખરીદીઓ માટેનું સંપૂર્ણપણે ઓનલાઇન સેવા પૂરી પાડતું પોર્ટલ છે. પ્રસ્તુત પોર્ટલ શ્રેષ્ઠ કાર્યક્ષમતા તેમજ પારદર્શિતા પૂરી પાડે છે.

રાજ્ય સરકારના તમામ રાજ્યના બોર્ડ/કોર્પોરેશન/સોસાયટીઓ/કંપનીઓ/સંસ્થાઓ વિગેરે દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત તેમની જરૂરીયાત અનુસાર વિવિધ ખરીદીઓ કરવામાં આવે છે. જે અંગે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૧) થી રાજ્ય સરકારના વહીવટી વિભાગો તેમજ ખાતાના વડાની કચેરીઓ અને જીલ્લા તાલુકા કક્ષાની કચેરીઓ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, રાજ્યના બોર્ડ/ કોર્પોરેશન/સોસાયટીઓ/કંપનીઓ/સંસ્થાઓ તેમના દ્વારા કરવામાં આવતી તમામ સરકારી ખરીદીઓ સંપૂર્ણપણે ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) ના માધ્યમથી જ કરવાની રહેશે અને જો કોઈ સંજોગોમાં આમ કરવું શક્ય ન હોય તો તેવી ખરીદી પુરતુ વ્યાજબી કારણસહ જરૂરી દરખાસ્ત કરી અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ અથવા ઉદ્યોગ કમિશનરશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે તેમ ઠરાવવામાં આવેલ છે.

તેમ છતાં ધ્યાને આવેલ છે કે વિવિધ વિભાગો હેઠળના ખાતાના વડા/કચેરીના વડા દ્વારા ઉપર મુજબ કાર્યવાહી કરવા અંગે દ્વિધા હોય અથવા ખરીદી અંગેની ચીજવસ્તુઓ જી.ઇ.એમ. પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં સીધે સીધો પત્ર-વ્યવહાર ઉદ્યોગ અને ખાણ વિભાગ

સાથે કરવામાં આવે છે, જે યોગ્ય નથી. ખાતાના વડા અથવા જીલ્લા કચેરીઓ દ્વારા તેમના સંબંધિત વિભાગ મારફત જ દરખાસ્ત કરવામાં આવે તે રીતે કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

વધુમાં, ખરીદી અંગેની ચીજવસ્તુઓ જી.ઈ.એમ. પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં જી.ઈ.એમ. કચેરી સાથે પત્ર વ્યવહાર(ઈ-મેઈલ) કરી સંબંધિત ચીજવસ્તુઓ જી.ઈ.એમ. પોર્ટલ પર ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો પણ કરવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આનંદ બિહોલા)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

(૧) માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય.
(૩) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
(૪) માન.કેબીનેટ મંત્રીશ્રીઓ (તમામ)ના અંગત સચિવશ્રીઓ.
(૫) માન.રા.ક.મંત્રીશ્રીઓ (તમામ)ના અંગત સચિવશ્રીઓ.
(૬) મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી.
(૭) સચિવાલયના સર્વે વિભાગો (સંબંધિત વિભાગ હેઠળના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓને જાણ કરવાની વિનંતી સહ.)
(૮) અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી, સરકારી ખરીદી (સી.એસ.પી.ઓ.), ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
(૯) તમામ કલેક્ટરશ્રીઓ.
(૧૦) તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
(૧૧) શાખા પસંદગી ફાઈલ.